ભારતની સાથે પાકિસ્તાન વ્યાપાર શરૂ કરશે!!

પૂર અને ખાદ્ય સંકટનો સામનો કરી રહેલું પાકિસ્તાન એકવાર ફરી ભારત સાથે વેપાર શરૂ કરશે. પાકિસ્તાનના નાણામંત્રી મિફ્તા ઈસ્માયલે તેની જાહેરાત કરી છે. મિફ્તા ઈસ્માયલે કહ્યું- આ પૂર અને ખાવાની કિંમતોમાં વધારાને કારણે અમે ભારતની સાથે વ્યાપારનો માર્ગ ખોલીશું. પાકિસ્તાનના નાણામંત્રી મિફ્તા ઈસ્માયલે આજે મીડિયાને કહ્યું કે હાલના પૂરથી પાક નષ્ટ થવાને કારણે લોકોની સુવિધા માટે સરકાર ભારતમાંથી શાક અને અન્ય ખાદ્ય પદાર્થ આયાત કરવા વિશે વિચાર કરી શકે છે. રેડિયો પાકિસ્તાન પ્રમાણે, ઈસ્લામાબાદમાં પત્રકાર પરિષદ કરતા મિફ્તા ઈસ્માઈલે એક સવાલના જવાબમાં આ વાત કહી છે. સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનના પૂર્વ સુરક્ષા સલાહકાર મોઈદ યુસૂફ ભારતની સાથે વ્યાપારના સંબંધમાં કેટલાક પ્રસ્તાવો પર કામ કરી રહ્યાં હતા. તો પાકિસ્તાનના પૂર્વ વાણિજ્ય સલાહકાર રઝાક દાઉદે પણ અનેકવાર ભારત સાથે વ્યાપાર ફરી શરૂ કરવાની વકાલત કરી હતી. માર્ચ ૨૦૨૧માં પાકિસ્તાનની આર્થિક સમન્વય સમિતિએ કહ્યું હતું કે તે દેશના ખાનગી ક્ષેત્રને ભારતથી ૦.૫ મિલિયન ટન ખાંડ અને કપાસની આયાત કરવાની મંજૂરી વાઘા બોર્ડર દ્વારા આપશે. પરંતુ આ નિર્ણય થોડા દિવસમાં પરત ખેંચી લેવામાં આવ્યો હતો. હકીકતમાં પીએમએલએન અને પીપીપીએ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો, જે હાલ પાકિસ્તાનમાં ગઠબંધન સરકાર ચલાવી રહ્યાં છે. નોંધનીય છે કે પાકિસ્તાનમાં શાકભાજીની કિંમત આસમાને પહોંચી ગઈ છે. લાહોરની બજારમાં એક કિલો ડુંગળી ૫૦૦ રૂપિયા કિલો અને ટામેટા ૪૦૦ રૂપિયા કિલોની કિંમતે મળી રહ્યાં છે. આવનારા દિવસોમાં ખાદ્ય પદાર્થોની કિંમતમાં હજુ વધારો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, કારણ કે પૂરને કારણે બલૂચિસ્તાન, સિંધ અને દક્ષિણ પંજાબથી શાકની સપ્લાય પર ખરાબ અસર પડી છે. હાલ લાહોર અને પંજાબના શહેરોમાં અફઘાનિસ્તાનથી ડુંગળી અને ટામેટાની સપ્લાય થઈ રહી છે. તોરખમ સરહદ દ્વારા આ સપ્લાય કરવામાં આવી રહી છે. આ પહેલા લાહોર બજાર સમિતિના સચિવ શહજાદ ચીમાએ પણ કહ્યુ હતુ કે સરકાર ભારતથી ડુંગળી અને ટામેટાની આયાત કરી શકે છે.

રશિયામાં આંતરિક ધૂમાડો

જે રીતે ચીનની ચાલાકીઓ છાની રહી શકી નથી અને ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનનો ગુપ્તવાસ પણ પ્રગટ થઈ જાય છે એ રીતે રશિયા પણ હવે કશી અભેદ્ય કવચમાં છુપાઈ રહી શકે એમ નથી. મીડિયા અને સોશિયલ મીડિયાની પહોંચ બહુ વધી ગઈ છે. કોઈ પણ કૌભાંડ કદાચ તરત તળિયેથી નળિયે ન પહોંચે એવું બને પણ સમયની રફતારમાં એ એકને એક દિવસે તો જગતના ચોકમાં જાહેર થયા વિના રહેતું નથી. ઝિગ ઝિગલર મજાકમાં કહે છે કે કૌભાંડ આચરનારાઓએ પહેલેથી જ એ જાહેર થાય ત્યારના સંયોગોનો એક રોડમેપ એડવાન્સમાં ઘડી રાખવો જોઈએ. રશિયન વડા વ્લાદિમિર પુતિનના એકછત્ર શાસનનો પૂર્ણચન્દ્ર હવે સોળેય કળાનો રહ્યો નથી ને એમાં વદચન્દ્ર જેવી ક્રમિક અંધકાર ભણીની ઓટ આવવા લાગી છે. રશિયાના આ અંધારાને ઉઘેચનારા ક્રાન્તિકારી નવોદિત નેતા એલેક્સી નેવેલ્ની હવે દુનિયામાં વિખ્યાત થઈ ગયા છે.

યુક્રેન યુદ્ધના ઘનઘોર વાદળો રશિયન પ્રજાજીવનને પણ હાનિ કરી રહ્યા છે. હજારો રશિયન �બિઝનેસ હાઉસ પર તાળાબંધી તોળાઈ રહી છે કારણ કે એમના નાણાં વિદેશી બેંકોમાં જામ થઈ ગયા છે. રશિયામાં પુતિનના વિરોધનો ધૂમાડો દેખાય છે. દસ વરસ પહેલા સરકારનો વિરોધ કરવાનો દંડ પાંચસો રૂબલ હતો. પાંચ વરસ પહેલા એ નિયમ બદલાયો અને દેખાવો કરનારાને સાત વરસની જેલની સજા ફટકારવાનો સિલસિલો ચાલુ થયો.

આજે વિરોધ કરનારાઓ માટે પંદર વરસની જેલની સજાનો નવો નિયમ અમલી બન્યો છે. રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમિર પુતિન કંઈ ઓછી માયા નથી. એમણે આજ સુધીમાં એના અનેક હરીફોને દફનાવી દીધા છે. છેલ્લા બેચાર મહિનાથી રશિયાના તમામ મોટા શહેરોમાં પુતિન વિરોધી રેલી નીકળી રહી છે અને રશિયન પોલીસ એના પર અશ્રુવાયુ અને લાઠી વરસાવી રહી છે.

યુક્રેન યુદ્ધનો વિરોધ કરનારો મોટો સમુદાય હવે મોસ્કોની શેરીઓમાં ગાજવા લાગ્યો છે. એલેક્સી નવેલ્ની રશિયાના જાહેર જીવનનો નવો ચમકતો સિતારો છે. પુતિનની એડી તળે ભીંસાયેલી પ્રજા આ નવેલ્નીમાં પોતાના ઉદ્ધારકને જોવા લાગી છે. કથા લાંબી છે પરંતુ સંક્ષેપમાં એટલું જ કે પુતિને એને ઝેર આપવાનો પ્રયાસ કર્યા પછી પણ એ જીવંત રહ્યો છે અને હવે એ રશિયન પ્રજાને મુક્તિ અને સ્વતંત્રતાના ગાન શ્રીખવી રહ્યો છે.

ઈ. સ. ૧૯૭૦નું નોબેલ પારિતોષિક જેમને મળ્યું હતું એ સોલ્ઝેનિત્સિન, સ્ટેલિનની સત્તાને પડકારનારો મહાન સાહિત્યકાર હતો. એણે લખેલા પુસ્તકોએ રશિયાનો અસલ તાનાશાહીનો ચહેરો જગત સમક્ષ બેનકાબ કર્યો હતો જેમાં સ્ટેલિનના અત્યાચારો વાંચીને બહિર્જગત ધ્રૂજી ગયું હતું. જો કે આજે પણ એનાથી સહેજેય ઓછા અત્યાચારો થતા હોય એમ માનવાને કોઈ કારણ નથી.

આખી દુનિયાની નજર હવે નેવેલ્ની પર છે એટલે પુતિન એને બહુ ટૂંકાગાળે તો હવે મારી શકે એમ નથી. જેલમાંથી આ નેવેલ્નીનો અવાજ રશિયાના ઘરેઘરમાં પહોંચી ગયો છે. જવાબાની જેમ એના મેસેજ પ્રજા ઝિલે છે અને એ કહે એમ કરે છે. કેમલિન શાસન સામેનો આવો ઝંઝાવાત રશિયાની યુવા પેઢી તો તેમના આયુષ્યકાળમાં પહેલીવાર જોઈ રહી છે.

એરેસ્ટુઈટે મેન્યા આઈ ઝિએસ્ટાનોવિદ પુતિન - આ સૂત્ર ગજાવતા લાખો યુવાનો મોસ્કોના રેડસ્કોર પર ટોળે વળેલા છે. આનો અર્થ છે કે 'મારી ધરપકડ કરો પણ પુતિનને સસ્પેન્ડ કરો'. પુતિન માટે આ ધૂમાડો અટકાવવાનું કામ સાવ આસાન તો નથી. કારણ કે પ્રજાનો બહુ મોટો પ્રવાહ નેવેલ્નીને અનુસરવા લાગ્યો છે. એક સમયે તો કલ્પના પણ થઈ શકતી નહિ કે રશિયામાં

ગરીબ પરિવારો માટે રાહતના સમાચાર

વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાને આગામી છ મહિના સુધી વધારવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય દેશના કરોડો ગરીબ પરિવારો માટે રાહતના એક મોટા સમાચાર છે. કારણ કે તેના પહેલાં ગયા વર્ષે નવેમ્બરમાં આ યોજનાને આ જ ૩૧ માર્ચ સુધી વધારવામાં આવી હતી, તેથી તેનાથી લાભાન્વિત થઈ રહેલા પરિવારોને એ પ્રશ્ન સતાવી રહ્યો હતો કે હવે આગળ શું થશે? આ પ્રશ્ન એટલા માટે ઉઠ્યો હતો, કારણ કે એવાં અનુમાન લગાવાતાં હતાં કે પાંચ રાજ્યોની ચૂંટણી ખતમ થઈ જવાને કારણે કદાચ આ યોજનાને આગળ ન વધારવામાં આવે. તેનું એક કારણ એ પણ હતું કે યોજના બે વર્ષ પહેલાં કોવિડ મહામારીનો પ્રકોપ શરૂ થયા બાદ શરૂ કરવામાં આવી હતી અને હવે મહામારી અટકતી દેખાઈ રહી છે. એવું લાગે છે કે મોદી સરકાર એ પરિણામ પર પહોંચી કે મહામારી અટકવા બાદ પણ ગરીબોને મફત અનાજ આપવાની જરૂરિયાત છે. આ ઉલ્લેખનીય છે કે એવા જ પરિણામ પર ઉત્તર પ્રદેશ સરકાર પણ પહોંચી. યોગી સરકારે બીજી વખત સત્તાની કમાન સંભાળ્યા બાદ પોતાનો પહેલો નિર્ણય એ જ કર્યો કે રાજ્યમાં મફત અનાજ યોજના ત્રણ મહિના સુધી હજુ ચાલુ રહેશે. દેશવ્યાપી સ્તર પર આ યોજનાથી લાભાન્વિત થનારા લોકોની સંખ્યા લગભગ ૮૦ કરોડ છે. આ જ કારણે તે પોતાની રીતની સૌથી મોટી કલ્યાણકારી યોજના છે.હાલમાં એ કહેવું કઠિન છે કે છ મહિના બાદ શું સ્થિતિ બનશે, પરંતુ હવે જ્યારે કોરોના સંક્રમણની ચોથી લહેર આવવાની આશંકા નહિવત છે, ત્યારે કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારોએ એ જોવું જોઈએ કે આ યોજનાના દાયરાવાળા ગરીબ આર્થિક રૂપે સક્ષમ કઈ રીતે બને? એ પણ જોવામાં આવે કે ક્યાંક ગેરલાયક લોકો તો આ યોજનાનો લાભ નથી ઉઠાવી રહ્યા ને?

નેનો ખાતરથી ક્રાંતિની આશા

દેશમાં જેટલું ધ્યાન ખાદ્યાન્ન ઉત્પાદન પર આપવામાં આવ્યું, એટલું ધ્યાન ખેતીનો ખર્ચ ઘટાડવા અને ઉપજના ભંડારણ-વિતરણ પર ન આપવામાં આવ્યું. એ જ કારણ છે કે ખેતી સમયની સાથે કદમતાલ ન કરવામાં આવી અને ખોટનો સોદો બની ગયો. આ ખોટની ભરપાઈ માટે સરકારોએ જે ઉપાય કર્યા, તે તમામ તાત્કાલિક રાહત પ્રદાન કરનારા હતા, જેમ કે દેવાં માફી. ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીએ ખેતીને ફાયદાનો સોદો બનાવવા માટે દૂરગામી ઉપાયો શરૂ કર્યા. તેમાં મુખ્ય છે નીમ કોટેડ યુરિયા, ઓપરેશન ગ્રીન યોજના, વડાપ્રધાન કૃષિ સિંચાઈ યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, મૃદા સ્વાસ્થ્ય કાર્ડ, મંડીઓનું આધુનિકીકરણ અને ઈ-નામ યોજના, વડાપ્રધાન કિસાન સન્માન નિધિ અને જૈવિક ખેતીને પ્રોત્સાહન. મોદી સરકારનું સર્વાધિક જોર પાક વૈવિધ્યકરણ પર છે, જેથી પાક ચક્રનું પાલન થાય અને ખેતીના ખર્ચમાં ઘટાડો આવે. તેના માટે જાડાં ધાન્યો, કઠોળ-તેલીબિયાં પાકોના ટેકાના ભાવમાં ભરપૂર વધારો કરતાં તેમની સરકારી ખરીદી વધારવામાં આવી રહી છે. ત્યાં જ હવે પ્રાકૃતિક ખેતીને ઉત્તેજન આપવા માટે સરકાર જૈવ ખાતર, જૈવ કીટનાશક, જૈવિક ખાતર, વર્મી કંપોસ્ટના ઉપયોગને ઉત્તેજન આપી રહી છે. રાસાયણિક ખાતરો-કીટનાશકોના અવિવેકપૂર્ણ ઉપયોગથી માટી-જળ-વાયુ પ્રદૂષણ વધવાની સાથે તેના આયાત પર ભારે-ભરખમ વિદેશી મુદ્રા ખર્ચ થઈ રહી છે.

વધતી બીમારીઓ અને પડોશી દેશોને યુરિયાની તસ્કરી વગેરેને જોતાં મોદી સરકારે ૨૦૧૫માં યુરિયા નીતિ જાહેર કરી, જેમાં ઘરેલુ ઉત્પાદન વધારવા, યુરિયા ઉત્પાદનમાં ઊર્જા બચતને ઉત્તેજન આપવા અને બંધ પડેલી ખાતર ફેક્ટરીઓને નવેસરથી શરૂ કરવા પર ફોકસ કરવામાં આવ્યું. યુરિયા નીતિનાં સકારાત્મક પરિણામ આવવાં શરૂ થઈ ગયાં છે. ૨૦૨૫ સુધી રામાગુંડમ, ગોરખપુર, સિંદરી, બરૌની વગેરેની ખાતર ફેક્ટરીઓ ઉપરાંત અન્ય સ્થળોએ નવી ફેક્ટરીઓ પણ પૂરતી ક્ષમતાથી ઉત્પાદન શરૂ કરી દેશે. એનાથી ૨૦૨૫ સુધી ભારત યુરિયા મામલે આત્મનિર્ભર બની જશે. ઉલ્લેખનીય છે કે રશિયા-યુક્રેન યુદ્ધથે કારણે પૂરવઠો બાધિત થવા અને ચીન અને અન્ય દેશો દ્વારા નિકાસમાં કપાતને કારણે આ વર્ષે દેશમાં યુરિયાની ઉપલબ્ધતા પ્રભાવિત થઈ છે, જેનાથી યુરિયાની કિંમતો આસમાને આંબવા લાગી છે. આ જ કારણ છે કે ચાલુ નાણાંકીય વર્ષમાં ખાતર સબસિડીના ૨.૫ લાખ કરોડ રૂપિયા પાર કરી જવાનું અનુમાન છે, જે ગયા નાણાંકીય વર્ષના ૧.૬૨ લાખ કરોડ રૂપિયાની તુલનામાં બહુ વધારે છે.

યુરિયા મામલે આત્મનિર્ભરતા હાંસલ કરવામાં નેનો યુરિયાની મહત્વની ભૂમિકા છે. આ નેનો કણોથી નિર્મિત યુરિયાનો એક પ્રકાર છે, જેમાં છોડને પોષક તત્ત્વો પ્રદાન કરનાર તરલ નાઈટ્રોજન હોય છે. નેનો યુરિયાની અડધો લીટરની એક બોટલમાં નાઈટ્રોજનના લગભગ ૪૦,૦૦૦ કણ હોય છે, જે એક બોરી યુરિયા (૫૦ કિગ્રા) જેટલું હોય છે. નેનો યુરિયાનો ઉપયોગ ખાતર ખર્ચમાં ઘટાડો અને વધુ ઉપજ મળવાની સાથે સાથે પ્રદૂષણમાં ઘટાડો થાય છે. તેના ઉપયોગથી અન્ય ખાતરોની ઉપયોગિતા ક્ષમતા અને ઉપજ ક્ષમતામાં વધારાની સાથે પાક ગુણવત્તામાં સુધાર જોવા મળ્યો છે. જ્યાં પારંપરિક ખાતરો મામલે છોડની પોષણ ખપત ફક્ત ૨૫ થી ૩૦ ટકા હોય છે, ત્યાં જ નેનો ખાતરોમાં એ વધીને ૯૦ ટકા થઈ જાય છે. એનાથી ન માત્ર પાક ઉત્પાદનમાં સુધાર થાય છે, વધતી બીમારીઓ અને પડોશી દેશોને યુરિયાની તસ્કરી વગેરેને જોતાં મોદી સરકારે ૨૦૧૫માં યુરિયા નીતિ જાહેર કરી, જેમાં ઘરેલુ ઉત્પાદન વધારવા, યુરિયા ઉત્પાદનમાં ઊર્જા બચતને ઉત્તેજન આપવા અને બંધ પડેલી ખાતર ફેક્ટરીઓને નવેસરથી શરૂ કરવા પર ફોકસ કરવામાં આવ્યું. યુરિયા નીતિનાં સકારાત્મક પરિણામ આવવાં શરૂ થઈ ગયાં છે. ૨૦૨૫ સુધી રામાગુંડમ, ગોરખપુર, સિંદરી, બરૌની વગેરેની ખાતર ફેક્ટરીઓ ઉપરાંત અન્ય સ્થળોએ નવી ફેક્ટરીઓ પણ પૂરતી ક્ષમતાથી ઉત્પાદન શરૂ કરી દેશે. એનાથી ૨૦૨૫ સુધી ભારત યુરિયા મામલે આત્મનિર્ભર બની જશે.

મોગરની કંપનીમાંથી પૂર્વ મેનેજરે ચોરી કરાવી, માલિક દશેરા નિમિત્તે આવ્યા ભાંડો ફુટ્યો

આણંદ, આણંદના મોગર ગામે આવેલી ખાનગી કંપનીના સિક્યુરીટી ગાર્ડે જ પૂર્વ મેનેજર સાથે સાંઠગાંઠ કરી થ્રી વ્હીલ ટેમ્પોમાં ફાયબર ગ્લાસના રો મટિરીયલના રોવીંગ રોલની ચોરી કરી હતી. આ અંગે વાસદ પોલીસે સિક્યુરીટી ગાર્ડ અને પૂર્વ મેનેજર સામે ગુનો નોંધ્યો હતો. મોગર ગામે આવેલી ગ્રાફીન કમ્પોઝીટર કંપનીમાં વ્રજ સિક્યુરીટીના કોન્ટ્રાક્ટથી બે ગાર્ડ મુકવામાં આવ્યાં છે. જેમાં દિવસે મહાવીર નાનુભાઈ પઢીયાર (રહે. બોદાલ) તથા રાત્રિના ફંચન સોલંકી નોકરી કરે છે. દરમિયાનમાં આઠેક માસ પહેલા તત્કાલીન મેનેજર નીતિન પરમારની નોકરી દરમિયાન ચોરીના બનાવની શંકા માલિક સંજયભાઈ શાહને જાગી હતી. આ દરમિયાનમાં સંજયભાઈ દશેરા તહેવારની રજા હોવાથી પુજા માટે કંપનીમાં આવ્યાં હતાં. તે સમયે ફાયબર ગ્લાસનું રો મટીરિયલ કિંમત રૂ. ૭૦ હજાર એક થ્રી વ્હીલ ટેમ્પા ન.જીજે ૨૩ એયુ ૫૪૦૧માં ભરેલું હતું. જેથી તેમને આ માલ ચોરી થતો હોવાનો શક જતાં ફોન કરીને કંપની ઉપર મેનેજર નરેશ પરમારને બોલાવ્યો હતો. સંજયભાઈ અને નરેશે થ્રી વ્હીલ ટેમ્પામાં ભરેલા માલ બાબતે તપાસ કરતાં આ પ્રકારનો માલ કોઈને સપ્લાય કે ઓર્ડર આપેલો ન હોવાથી ટેમ્પાના ચાલકની પુછપરછ કરી હતી. આ ઉપરાંત પૂર્વ મેનેજર નીતીન પરમાર ના કહેવાથી ચોરી કરી લઈ જતા હોવાનું બહાર આવ્યું હતું. આથી, નીતિન અને મહાવીર મિલિભગત કરી ચોરી કરતાં હોવાનું સ્પષ્ટ થયું હતું.

મદરેસાઓનો સર્વે પૂર્ણ, ૨૫ ઓક્ટોબરે સરકારને ૧૧ પોઈન્ટનો રિપોર્ટ સુપરત કરવામાં આવશે



ઉત્તરપ્રદેશ, યોગી આદિત્યનાથ સરકાર ઉત્તર પ્રદેશની સરકારી મદરેસાઓને લઈને સતત ગંભીર છે. આ પ્રકરણમાં રાજ્યની યોગી સરકારે મદરેસાઓનો સર્વે કર્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ૫ ઓક્ટોબરે પૂરા થયેલા સર્વેનો રિપોર્ટ ત્રણ દિવસ પછી એટલે કે ૧૦ ઓક્ટોબરે જિલ્લા અધિકારીઓને અને પછી ૨૫ ઓક્ટોબરે યુપી સરકારને સોંપવામાં આવશે. સરકાર દ્વારા માંગવામાં આવેલા આ ૧૧-પોઈન્ટના સર્વે રિપોર્ટમાં મદરેસાઓના શિક્ષણ અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓની સંખ્યા, તેમની વર્તમાન સ્થિતિ અને આવકની વિગતો શામેલ છે. જ્યારે બીજી તરફ મુસ્લિમ ધર્મગુરુઓએ રિપોર્ટમાં પારદર્શિતાની માંગ કરી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ વિપક્ષી પાર્ટીઓ અને મુસ્લિમ ધાર્મિક નેતાઓએ ઉત્તર પ્રદેશની સરકારની પ્રશંસા કરી હતી. મદરેસાઓના ટાઈમ ટેબલમાં એક કલાકનો વધારો થવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર વધુ ધ્યાન આપવામાં આવશે, આને ધ્યાનમાં રાખીને સરકારે ફેરફારો કર્યા છે. ઉત્તર પ્રદેશ મદરેસા એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ટાઈમ ટેબલ મુજબ, રાજ્યમાં ૧૪,૫૧૩ માન્ય મદરેસાઓ છે. જો કે હજુ સુધી માન્યતા વિનાના મદરેસાઓના આંકડા જાહેર થયા નથી.

માણસ પોતે જ પોતાનો ઉદ્ધાર કરવા જવાબદાર છે

પૂર્વ શ્રુલોકમાં આપણે જોયું કે યોગારૂઢ વ્યક્તિ કઈ રીતે ઈન્દ્રિયને વશ કરે છે અને કર્મોમાં આસક્ત થયા વિના બધાં કર્મો ભગવાનને સમર્પિત કરી દે છે. આ અંકમાં વ્યક્તિ કઈ રીતે પોતાની સાધનામાં આગળ વધીને પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે છે, તે સમજીએ-

કોઈ પણ વ્યક્તિ પોતે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે. આત્મા પોતે જ પોતાનો મિત્ર છે અને આત્મા પોતે જ પોતાનો શત્રુ છે.

અહીં આત્માના ઉદ્ધારની વિશેષ સાધના બતાવી છે. ગીતા કહે છે કે માણસ પોતે જ પોતાનો ઉદ્ધાર અથવા અવનતિ કરવા માટે જવાબદાર છે. આ સાધના ભૌતિક સાધનાની તુલનામાં અઘરી અને લાંબી છે, પરંતુ અશક્ય નથી. જેમ ભૌતિક સાધના કરવા અને તેમાં સફળ થવા માટે ખૂબ પુરુષાર્થ કરવો પડે છે. તેમ આધ્યાત્મિક સાધના કરવા માટે પણ ખૂબ પુરુષાર્થ કરવો પડે છે, પરંતુ એટલું જ

પુરતું નથી.

આધ્યાત્મિક ક્ષેત્રમાં સાધના અર્થાત્ કેવળ જપ, તપ, દાન, વ્રત, યજ્ઞાદિક કરવાથી વ્યક્તિની સાધના પૂરી થતી નથી. તેને સાધનામાર્ગમાં આગળ વધવા અને તેમાં સફળ થઈને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને પામવા એક સાચા ગુરુની આવશ્યકતા રહે છે. ગુરુ દ્વારા જ શરીરના આત્મામાં રહેલા પરમાત્મા આપણા મિત્ર બને છે અને આત્મોદ્ધારનું કારણ બને છે.

મુંડક ઉપનિષદમાં ભગવાનને પામવા માટે અને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને પામવા ભગવાનનો સમ્યક્ સાક્ષાત્કાર હોય તેવા ગુરુનો આશ્રય કરવાની વાત કરવામાં આવી છે. ગુરુનાં માર્ગદર્શન વિના આધ્યાત્મિક ક્ષેત્રમાં કરેલી પ્રગતિ વિરુદ્ધ દિશામાં જાય તો આત્મા જ પોતે પોતાનો શત્રુ થઈ જાય છે. અર્થાત્ માયામય જાળમાં ફસાયેલો રહે છે અને ભગવાનનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.

જોકે, ગુરુ મળ્યા એટલે એવું નથી કે સાધકને કાંઈ જ કરવાનું નથી. ખરેખર તો હવે જ સાધનની શરૂઆત થાય છે. ગુરુના આદેશ પ્રમાણે સાધકે ઝંખવાવવું પડે છે. તેણે કઠીક તો પુરુષાર્થ કરવો પડે. એક દૃષ્ટાંતથી સમજીએ.

એકવાર બકરીઓ જંગલમાં ચરવા માટે ગઈ. સાંજ પડતાં બધી બકરીઓ પછી નિજસ્થાન પર જતી રહી, પરંતુ તેમાં એક બકરી જંગલમાં ભુલી પડી ગઈ. તેણે બકરીઓના સમૂહને શોધવાનું શરૂ કર્યું. ત્યાં કોઈ ન હતું. તેથી રાતના સમયે આમ-તેમ ભટકવા લાગી. ત્યાં તેણે સિંહનું પગલું જોયું. તે બકરી સિંહનાં પગલાં પાસે આવીને ઊભી રહી. થોડો સમય થયો એટલે વાઘ આવ્યો. તે બકરીને ખાવા માટે તરાપ મારવા ગયો, ત્યાં બકરીએ સિંહનું પગલું બતાવ્યું. બકરીએ સિંહના પગલાંના શરણે છું, તેમ કહ્યું. તેથી વાઘ પાછો ફર્યો. આ જ પ્રમાણે જંગલના દરેક હિંસક પ્રાણીને બકરીએ સિંહનાં પગલાંનું શરણ બતાવ્યું. તેથી કોઈ બકરીનો શિકાર કરી શક્યું નહીં. છેવટે સિંહ પોતે ત્યાં આવ્યો. તેણે બકરીનો શિકાર કરવાનું ઈચ્છ્યું. ત્યારે બકરીએ કહ્યું - 'હું આ જંગલમાં ભુલી પડી ગઈ અને તમારા પગલાંના શરણે રહી અને મારી રક્ષા થઈ. તેથી મારો શિકાર ન કરો અને મને છોડી દો.' તેથી સિંહે વિચારીને કહ્યું - 'તું મારા શરણે આવી છે, તેથી હું તારી રક્ષા કરીશ. હું તને તારા સ્થાન સુધી પહોંચાડી દઈશ.'

અહીં બકરી એ આપણો આત્મા છે. સિંહના સ્થાન પર ગુરુ છે અને નિવાસસ્થાનના સ્થાન પર ભગવાન છે. તેથી બકરીને પોતાના નિવાસસ્થાન સુધી પહોંચવામાં સિંહરૂપી ગુરુએ મદદ કરી. તેવી રીતે આપણે ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને પામવા અને પોતાના આત્મામાં રહેલા ભગવાન સાથે મિત્રતા કરવા માટે ગુરુની આવશ્યકતા રહે છે.

શ્રીમદ્ભાગવત પુરાણમાં ધ્રુવ આખ્યાન આવે છે. તેમાં બાળક ધ્રુવને પોતાના પિતાના ખોળામાં બેસવા મળતું નથી. તેથી રિસાઈને જંગલમાં સાધના માટે જાય છે, પરંતુ ગુરુ વિના સાધના અધૂરી કહેવાય. ભગવાનને પામી શકાય નહિ. તેથી જંગલમાં જતા રસ્તામાં નારદ મુનિ મળી ગયા. તેમણે ધ્રુવને ગુરુરૂપે માર્ગદર્શન પૂરું પાડ્યું. અને ભગવાનને પામવા માટેનો સરળ રસ્તો બતાવ્યો. પછી નારદ મુનિના કહેવા પ્રમાણે ધ્રુવે માત્ર છ મહિનામાં ભગવાનનો સાક્ષાત્કાર કરી લીધો અર્થાત્ શરીરમાં રહેલો આત્મા અને તેમાં રહેલા પરમાત્મા ધ્રુવના મિત્ર બની ગયા. આમ, ધ્રુવને ગુરુ મળ્યા તેનાથી ધ્રુવે પોતાના આત્માનો ઉદ્ધાર પોતે જ કરી લીધો.

આમ, સાચા ગુરુની આજ્ઞા પ્રમાણે કરેલી સાધનાથી આત્મા પોતાનો મિત્ર બની જાય છે. અર્થાત્ ભગવાનનો સાક્ષાત્કાર થઈ જાય છે, પરંતુ સાચા ગુરુ વિના સ્વહસ્તે સાધના કરવાથી તે પોતાના આત્માનો શત્રુ બની જાય અર્થાત્ ભગવાનનો સાક્ષાત્કાર ન થાય.

ભોગવાદી માનસિકતાનો

પહેલાંના જમાનામાં અમીર હોવા છતાં લોકો પોતાની લેસિયતનું પ્રદર્શન એ આધારે નહોતા કરતા કે તેમના ઘરમાં રહેલી ચીજો કેટલી જલદી બદલી નાખે છે. પહેલાં તો ફ્રીજ-ટીવી હોય કે કાર, જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચલાવતા, તેમને બેચાર વર્ષે બદલી નહોતા નાખતા. આજે તો હજુ એક કારની લોન ખતમ નથી થતી કે નવી કાર લેવા લોન લેવામાં આવે છે. ફ્રીજ-ટીવી વગેરે તો હવે વર્ષો નહીં, કલાકોના આધાર પર બનવા લાગ્યા છે! તેમનું જીવન કેટલાક હજાર કલાકોમાં સમેટાઈ ગયું છે. ભોગવાદનું આ એ સ્વરૂપ છે, જે નવી બ્રાન્ડ ખરીદવામાં તમારી હેસિયત વધારી આપે છે અને આ રીતે તમારા ખિસ્સામાંથી પૈસા સેરવી લે છે. કાલે જો તમારી નોકરી ચાલી જાય, તમે કમાવાને લાયક ન રહો તો જે કંપનીઓનાં ઉત્પાદન ખરીદીને તમે ગૌરવ અનુભવતા હતા, પોતાની હેસિયત બીજાઓ કરતાં ઊંચી સમજતા હતા, તેમાંથી કોઈ કંપની તમને બચાવવા નહીં આવે.

ફક્ત મોંઘી ચીજો જ નહીં, કપડાં-જૂતાં બધામાં આ જ હાલત છે. કેટલીય યુવાઓ એ વાતે ઘણા ગર્વથી કહે છે કે તેની પાસે સો જોડી જૂતાં છે, ત્રણ કબાટ ભરીને કપડાં છે. ત્રણ મહિના વીતતા નથી કે કપડાં-જૂતાંની ડિઝાઈન બદલાઈ જાય છે અને પછી આ ત્રણ કબાટ ભરેલાં કપડાં-જૂતાં જુનાં લાગવા માંડે છે. જેટલી જરૂર હોય એટલું જ ખરીદવું, એ મંત્ર જૂનો થઈ ગયો છે. ઘણા યુવાઓ બચત વિશે તો વિચારતા જ નથી. ટ્રેન્ડ સાથે ચાલવું તેઓ સમયની જરૂરિયાત માને છે, ખોટો ખર્ચ નહીં. વેપારને પણ આવી જ માનસિકતા પસંદ પડે છે. તેમનો નફો વધે છે. સરકારો પણ આ જ તર્કને માને છે, તેથી તમારા ખર્ચા પર ટેક્સમાં રાહત મળે છે અને બચત પર ટેક્સ આપવો પડે છે!

એટલું જ નહીં, સંયુક્ત પરિવારોમાં જ્યાં એક ઘર, એક ફ્રીજ, એક ટીવી, એક કારથી કામ ચાલી જતું હતું, ત્યારે એકલ પરિવારોમાં દરેક ઘરમાં આ ચીજો જોઈતી હોય છે. તેથી તમે જોશો કે સંયુક્ત પરિવારોના મુકાબલે એકલ પરિવારોનું બહુ ગુલાબી ચિત્ર રજૂ કરવામાં આવે છે. એકલા રહેવાને કોઈ આદર્શની જેમ જોવામાં આવે છે.

કોરોનાએ જોકે હવે આ પ્રકારની ચીજો પર ઘણી હદે લગામ તો લગાવી છે. યુવાઓને પહેલી વાર સમજાયું છે કે નોકરી કોઈપણ પળે જઈ શકે છે. તેથી બચત હોવી બહુ જરૂરી છે. મહામારી સમયે બીજાના મુકાબલે પરિવારે જે એકબીજાનો સાથ આપ્યો, તેથી પરિવારમાં નવેસરથી વ્યક્તિઓ કે હ્યુમન રિસોર્સની ભૂમિકા ઓળખાઈ શકી. પશ્ચિમે આ દેખભાળને પણ કેર ઈકોનોમીનું નામ આપીને પૈસા સાથે જોડી દીધી. જ્યારે ભાવનાઓને પૈસાથી તોલી જ ન શકાય. પશ્ચિમી દેશોમાં આ લગાવને સમજવો મુશ્કેલ છે, કારણ કે ત્યાં પરિવારનું માળખું જ નથી, જે આપણે ત્યાં છે. એ વાત અલગ છે કે આપણા દેશમાં પશ્ચિમી રહેણીકરણીને બહુ આદર્શ દૃષ્ટિએ જોવામાં આવે છે. ફક્ત જોવામાં જ નથી આવતું, એક અરસામી તેની નકલ પણ થઈ રહી છે. જ્યારે પશ્ચિમી સમાજ પણ બેસુમાર સમસ્યાઓથી ગ્રસ્ત છે. હા, કોરોનાની ભયાવહતાએ તેમને પણ વિચારવા મજબૂર કર્યા છે કે અત્યાર સુધી જે પ્રકારનું જીવન તેમણે જીવતા આવ્યા, શું એ ઠીક હતું? તેમાં સુધારને અવકાશ છે?

વિમર્શ થઈ રહ્યો છે કે જે પરિવારને બોજ સમજીને પોતાનાથી અલગ કર્યો, તેને પાછો કેવી રીતે લાવવો? અમેરિકામાં તો નવું'ના દ્વારકાથી પરિવારની વાપસીની વાતો ચાલી રહી છે. સમયે સમયે ત્યાં કેટલાય મનોવૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રી, પોલીસ અધિકારી એ વાતે ભાર મૂકતા રહે છે કે જો આગલી પેઢીનું ભવિષ્ય સુનિશ્ચિત કરવું હશે, તેમને નશા અને અપરાધની દુનિયાથી બચાવા હશે તો પરિવારના માળ